પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા
<u>વિધ્યા સહાયકની યોજના - ઉપલી વયમર્યાદા બાબત.</u>

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૧૨૦૦૦-ઇએમ-૪૪૨-ક,
તારીખઃ- -૭-૨૦૦૪.
29 JUL 2004

<u>સંદર્ભ :-</u>
૧. શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮નો ઠરાવક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક

<u>ઠ રા વ :-</u>

સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે. પ્રાથમિક શાળાઓમાં પૂરતા પ્રમાણમાં વિધ્યાસહાયકો ઉપલબ્ધ થાય તે હેતુથી ઉમેદવારોની ઉપલી વયમર્યાદા વધારવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું. આ અન્વયે વિધ્યાસહાયકોની ભરતી માટે માન્ય લાયકાત ધરાવતા તમામ બેરોજગાર ઉમેદવારોને ભરતી પ્રસંગે પુરતી તક મળી રહે તેને ધ્યાને લઇને વિધ્યાસહાયક ભરતી યોજનાની ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવાની બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકાર સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવના ફકરા (૪) ની જોગવાઇ (ક)માં નીચે પ્રમાણેની જોગવાઇ ઉમેરવાનું ઠરાવે છે :-

**(ક)(૧) : નિમણૂંક માટે પાત્ર ઉમેદવારની, સરકારના વખતોવખતના ઠરાવ મુજબ નકકી થયેલી ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષથી વધે નહિ તેટલી છુટછાટ આપવાની રહેશે. આ છૂટછાટ એક વર્ષ માટે વર્ષ ૨૦૦૪ ની ભરતી માટે આપવામાં આવે છે.**

આ હુકમો સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા. ૨૭-૭-૨૦૦૪થી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બચુભાઇ નાયી )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-વિકાસ કમિશ્નરશ્રી, ગુ.રા., ગાંધીનગર.
-નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
-તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
-તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- સર્વ શાશનાધિકારીશ્રી, મહાનગરપાલિકા - નગરપાલિકા અને નગરપંચાયત.
-નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર
-માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
-શિક્ષણ વિભાગની સર્વ શાખા
-સીલેકટ ફાઇલ.